Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૫૨ • તા. ૨૬ ડિસેમ્બર ૨૦૧૬ થી ૦૧ જાન્યુઆરી ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17


## શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ

VLVG

## ભવ્ય લોકાર્પણ સમારોહ



## સર્વે જ્ઞાતિજનોને ભાવભર્યું નિમંત્રણ !

શનિવાર, ૭ જાન્યુઆરી ૨૦૧૭, સાંજે ૪.૦૦ વાગ્યાથી

**કાલિદાસ ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.**

સ્વરુચિ ભોજન (ચોવિહારની વ્યવસ્થા) • વેલે પાર્કિંગ ઉપલબ્ધ

અતિથિ વિશેષ
**વલ્લભ ભણસાલી**
Chairman - ENAM GROUP

સંચાલન
**તારક મહેતા કા ઊલટા ચશ્મા**
**ફેમ મહેતાસાહેબ એટલે શૈલેશ લોઢા**

દાંડિયા ક્વીન
**ફાલ્ગુની પાઠક સંગાથે**
**રાસ-ગરબાની રમઝટ**

મૅનેજિંગ ટ્રસ્ટી
**શિવજી કુંવરજી વિકમશી**

પ્રેસિડન્ટ
**મધુકાંત પદમશી ખોના**

વાઈસ પ્રેસિડન્ટ
**દમયંતી ચાંપશી શાહ**

માનદ્ સૅક્રેટરી
**નરેશ ભવાનજી શાહ**

કન્વીનર ટ્રસ્ટી
**નયન અશોક ભેદા**

જોઈન્ટ કન્વીનર ટ્રસ્ટી
**કમલેશ શિવજી વિકમશી | હેમાંગ રાયચંદ ધરમશી**

|| શ્રી અનંતનાથાય નમો નમઃ || || શ્રી મહાકાલી દેવીભ્યો નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેનાં સાધારણ ફંડો

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## સન્માન સમારોહ



''મુમુક્ષુ કુ. ભાવીબેનનો કરીએ સત્કાર,
જેથી સૌના હૈયે ચારિત્રનો થાય ટહુંકાર,
આત્મહિતનો હૃદયમાં થાય ધબકાર,
અને જીવન પરિવર્તનનો રણકે રણકાર''

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ માટે એક આનંદનો અવસર

**''આપણી જ દિકરી કુ. ભાવીબેન રાજેન લોડાયા**
**ગામ - સાંયરાવાળાની દીક્ષા''**

એક ભવ્યાત્મા આ કલિકાળમાં સર્વ સંગનો ત્યાગ કરી ગુરૂવર્યોનાં સંગાથે પ્રભુવીરની વાટે વિચરવા તૈયાર થયા છે જે જ્ઞાતિ માટે ગૌરવરૂપ છે.

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ

**પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

ના વરદ્‌હસ્તે તેઓનું દીક્ષાનું મુહુર્ત મળ્યું અને પૂજ્યશ્રી જ દીક્ષાનાં દાન આપશે ત્યારે એ

**મુમુક્ષુ કુ. ભાવીબેન** નું સન્માન સમારોહ

અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તીની **પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા

**પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા.**

આદિઠાણા તથા યતિવર્યશ્રી **પ.પૂ. મોતીસાગરજી મ.સા.**ની શુભનિશ્રામાં

**પોષ વદ - ૩ ને તા. ૧૫-૧-૨૦૧૭ રવિવારના રોજ સવારના ૯.૦૦ કલાકે**

ચારિત્રવંદનાવલીસહ દિક્ષાર્થીની સાંજી સંગીતના તાલે

શ્રી અનંતનાથ દાદાના દરબારે - શ્રી ક.દ.ઓ. જૈન મસ્જિદ બંદર સંઘના આંગણે આયોજન કરવામાં આવેલ છે.

**સૌ જ્ઞાતિજનો-સગા-સંબંધીઓ તથા હિતેચ્છુઓને**
**આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

લિ.
- શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
- શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેનાં સાધારણ ફંડો
- શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મસ્જિદ બંદર સંઘ
- શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ
- શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ભાંડુપ સંઘ

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 52/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# બધા જ્ઞાતિ મહાજનો કેળવણી માટે પોતે શું કર્યું તેના રીપોર્ટ જ્ઞાતિ સમક્ષ પ્રસ્તુત કરે

શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહનું નવનિર્મિત અતિ આધુનિક ભવન જ્ઞાતિને અર્પણ કરવાનો અવસર શિક્ષણપ્રેમી દીર્ઘદૃષ્ટા વડવાઓનું સ્મરણ કરીને એમને સ્મરણાંજલિ આપવાનો હોવો જોઈએ એવી ગયા અઠવાડિયે કરેલી વાતમાં સમયોચિત ઉમેરો કરીને ભારપૂર્વક કહેવાનું આપણે પણ એ દીર્ઘદૃષ્ટા વડવાઓની જેમ સમય સાથે ચાલવાનું છે.

તેમણે શરૂ કરેલી જ્ઞાતિના છેવાડાના વિદ્યાર્થી સુધી ઔપચારિક શિક્ષણ પહોંચાડવાની પ્રવૃત્તિને જ્ઞાતિની ઉછરતી પેઢીનો સર્વાંગીણ વ્યક્તિત્વ વિકાસ માટેનો તખતો રચીને સમૃધ્ધ કરીને જ તેમને સાચી શ્રધ્ધાંજલિ આપી શકાય.

આ માટે જ્ઞાતિના કેન્દ્રીય શિક્ષણ સહાય માળખા : શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય, શિક્ષણ પ્રસારક સમિતિ, કેળવણી ઉત્કર્ષ ફંડ આદિએ તો સક્રિય રહેવાનું જ છે. દરેક જ્ઞાતિ મહાજને અને દરેક જ્ઞાતિ આગેવાને પણ તેમાં સક્રિય ભૂમિકા ભજવવાની છે.

જો દરેક જ્ઞાતિ મહાજન પોતે ઉછરતી પેઢી માટે શું કર્યું તેના સતત લેખાજોખા કરે તો જરૂરથી સમગ્ર જ્ઞાતિના ઉજ્જવળ ભવિષ્યને સુનિશ્ચિત કરી શકાય. આ માટે દરેક જ્ઞાતિ મહાજન પોતાનું રીપોર્ટ કાર્ડ જ્ઞાતિ સમક્ષ મૂકવાની તૈયારી બતાવે એ જરૂરી છે.

પહેલાં આમ કરવાની શી જરૂર છે તે સમજીએ : એક જમાનામાં વિદ્યાર્થી મેટ્રીકની પરીક્ષા આપી લે તે પછી જ તેણે આગળ કઈ લાઈન લેવી તેનો વિચાર કરવાનો રહેતો. આજે પરિસ્થિતિ એવી છે કે ઈચ્છિત લાઈનમાં જવા માટે એટલી સ્પર્ધા છે કે જો વિદ્યાર્થી સાતમા - આઠમા ધોરણમાં આવે ત્યારથી તૈયારી કરવામાં ન આવે તો ઈચ્છિત લાઈનમાં પ્રવેશ મળવો અશક્ય નહીં તો મુશ્કેલ તો થઈ જ જાય. આ કારણસર જ માત્ર શાળાનું ભણતર પૂરતું નથી રહ્યું. એકદમ પ્રોફેશનલ રીતે કામ કરતા કોચીંગ ક્લાસની મદદ લેવાનું જરૂરી બન્યું છે. આવી પ્રોફેશનલ મદદની ફી મોંઘી હોય અને સામાન્ય જણને ન પરવડે તે માટે ય સામાજિક સ્તરે ખાસ વ્યવસ્થા કરવાનું જરૂરી બન્યું છે.

દરેક મહાજન હિસાબ પાસ કરાવતી વખતે તેણે શિક્ષણ બાબત શું કર્યું તેની રકમ દર્શાવે છે તેને બદલે તેની વિગતવાર માહિતી આપવી જોઈએ જેથી જ્ઞાતિજનો એ બાબત સલાહ-સૂચન આપી શકે.

બીજું જગત આજે પણ બહુ ઝડપથી બદલાઈ રહ્યું છે અને આવતી કાલે તો એથી ય વધુ ઝડપથી બદલાશે. વૈશ્વિક ગામડું બનવાની છેલ્લા બે દાયકાથી શરૂ થયેલ પ્રક્રિયા પણ સતત નવું રૂપ ધારણ કરી નવા પડકારો ઊભા કરશે.

આવા સંજોગોમાં આપણી ઉછરતી પેઢી શક્ય એટલા લાંબા સમય સુધી લાભકારી રહેતી લાઈન પસંદ કરે તથા નવી લાઈન લેતા અચકાય નહીં કે નિષ્ફળતા મળતા હતાશ થાય નહીં, એ માટે પણ એને તૈયાર કરવી પડશે.

હાલના તબક્કે આ મુશ્કેલ કામ પરિવાર સ્તરે વત્તા-ઓછા પ્રમાણમાં થાય છે. પણ જો સમગ્ર સમાજને પ્રગતિને પંથે લઈ જવો હોય તો વહેલામાં વહેલી તકે તેને સમાજના સ્તરે લઈ જવું રહ્યું.

આપણા વડવાઓએ તેમના જમાના પ્રમાણે દુરદેશી વાપરી શિક્ષણ સહાયનું માળખું ઊભું કર્યું તેના લાભ આપણે અત્યાર સુધી મેળવી રહ્યા છીએ. આ સંબંધમાં શ્રી શિવજીભાઈ કુંવરજી વિકમશી એ શિક્ષણ સહાયના માળખાને ગતિશીલ રાખવા લીધેલી જહેમત તથા તેમના સૌ સહયોગીઓના કામની વિશેષ નોંધ લઈ તેમને સલામ કરવી રહી... તેમનું અનુકરણ કરવું રહ્યું. જેમ શિવજીભાઈએ જ્ઞાતિના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા ઉછરતી પેઢીને કેળવવાનું એકમાત્ર

પાના ૩ થી ચાલુ
ધ્યેય રાખી કામ કર્યું એવી અર્જુન જેવી એકલક્ષ્યતા જ નક્કર પરિણામ લાવી શકે.

હવે આપણે પરિવર્તનોની ઝડપ બહુ તેજ હોય તેવા જમાના માટે આપણી ઉછરતી પેઢીને તૈયાર કરવામાં દૂરંદેશી દાખવવાની છે.

ધાર્મિક અને સામાજિક બાબતો જેમાં તરત જ પરિણામો મળતા હોય એના આકર્ષણમાં આ બાબત દુર્લક્ષ ન થાય એની ખાસ તકેદારી રાખવી રહી.

આશા રાખીએ કે ઉછરતી પેઢી અને સમસ્ત જ્ઞાતિના ઉજ્જવળ ભાવિ પ્રત્યેની આ જવાબદારી નીભાવવામાં આપણે સૌ સમજદારીપૂર્વક સક્રિય થશું અને ઉજ્જવળ ભાવિ સુનિશ્ચિત કરવા માટે આપણી ભાવિ પેઢી આપણા માટે ગૌરવ અનુભવે તેવું કરી બતાવશું.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## નોટબંધી વખતે 'પાંજી બેંક' અરિહંત બેંક અને તેના ડાયરેક્ટરોની આત્મીયતા ભરી સેવા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તા. ૮-૧૧-૨૦૧૬ના રાતથી જાહેર કરેલ કે રૂા. ૧૦૦૦ અને રૂા. ૫૦૦ નોટ હવે ચલણમાં રહેશે નહી તે દરેક બેકોંમાં ખાતામાં ભરાવી શકશો.

તા. ૧૦/૧૧/૨૦૧૬થી દરેક બેંકોમાં મસમોટી લાઈના ભરવા માટે તથા એકસચેંજ માટે હતી. એમાં મુલુન્ડની શ્રી અરીહંત કો. ઑપ. બેંકમાં પ્રથમ દિવસથી બે ડાયરેક્ટર હાજર રહી ખાતેદારોને માર્ગદર્શન આપી દેતા હતા અને બસવા માટે ખુરસીની વ્યવસ્થા કરેલ. સીનીયર સીટીઝનને અલગ થી લાઈન આયોજન કરેલ.

આપણી બેંકમાં પ્રથમ દિવસે રૂા. ૧૦, રૂા. ૨૦ અને રૂા. ૧૦૦ ની નોટો આપી ખાતેદારાને નાની ખરેદી કરવા, રીક્ષા માટે, શાકભાજી, દુધ લેવા ખૂબજ સવલત કરી આપવામાં આવી. બીજી બેંકોમાં પ્રથમ દિવસથીજ રૂા. ૨૦૦૦ની નોટ આપતા હતા પણ આપણી બેંકમાં બીજા દીવસ થી રૂા ૨૦૦૦ નોટો આપવાનું ચાલુ કરેલ.

સરકારે રૂા. ૧૦૦૦૦ છુટ જાહેર કરી હતી છતાં ૨ થી ૩ દીવસ માં ૨ હજાર ૪૦૦૦ હજાર કરી ધીરે ધીરે વધારે કરી દરેક ખાતેદારોને પૈસા મળ્યા હતા. સૌથી સારી વાત આપણી બેંક ૫૦થી વધારે માણસોની લાઈન ન હતી.

આપણી મુલુન્ડ બ્રાંચના દરેક સ્ટાફના સભ્યોનો સારો સાથ સહકાર મળેલ. બેંકના ડાયરેક્ટર, મેનેજર તથા સ્ટાફના સારી સેવા જોઈને ખરેખર આનંદ થયો એટલેજ કહું છું કે આ માટે ઝુકી તો જવાયજ.....

**- કાંતિલાલ વિકમસી, વિનોદ મોતા મુલુંડ**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
**માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**
- સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી
- ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**
વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.

## જિંદગીની શાળાના મનોશિક્ષણના પગથિયાં : ગીતા જૈન પ્રબુધ્ધ જીવનમાંથી સાભાર

યોગ શિબિરમાં ઘણાં અવનવા અનુભવો મને મળે છે અને જેના વિશે વિચારવાથી – ચિંતન કરવાથી એક વિશેષ સ્ફૂરણા થાય છે. એ સ્ફૂરણાના આધાર પર કોઈ સાથે સંવાદ સાધું ત્યારે મને પણ આશ્ચર્ય થાય છે કે આ વાત – આ જવાબ ક્યાંથી બહાર આવે છે? અગમ્યને વંદન કરીને આગળ વધું.

એક નાના શહેરમાં એક બહેન એકાંતમાં મળવા આવ્યાં. કહે, 'અમે સંયુક્ત કુટુંબમાં છીએ. ઘરની દુકાન છે પણ સૌ સહિયારા કામ કરે એટલે ખર્ચ પણ સહિયારો થાય એટલે અમને વિશેષ ન મળે. સતત મનમાં અભાવ પીડે. મારી મોટી બહેનને સુખી જોઈ થાય હું સદાય આમ સબડતી જ રહીશ... મારું નસીબ જ ખરાબ છે. જીવવું નથી ગમતું.' મેં એને કહ્યું તારે સપનાં જોવાનું શરૂ કરવું. જે બાબતે અભાવ લાગે છે તેને ભાવિના સપનામાં કાઢી નાખો. બોરડીના મીઠા ફળ કાંટાની વચ્ચે જ ઉગે છે ને! સપના અચૂક ફળે જ... અને તારા આ સપનાં થકી સહિયારા કુટુંબને પણ લાભ થશે. તું ક્રિયેટીવ થઈશ. પરિવારની બહેનો મળીને કોઈ કામ કરવાની યોજના ઘડી શકશો. મને 'ગુલામ' પિક્ચરનો એક સંવાદ યાદ આવી ગયો. : 'લહરોં કે સાથ કોઈ ભી તૈર લેતા હૈ પર અસલી ઈન્સાન વો હૈ જો લહરોં કો ચીર કર આગે નીકલતા હૈ.'

એક સમયે એક વિદ્યાર્થી મળવા આવ્યો. કહે, 'હું તમે શીખવ્યા છે તે યોગાભ્યાસ તો રોજ કરીશ જ પણ હું જે લાઈનમાં ભણું છું તે મને ગમતી નથી. આ પરાણે ભણવાથી મારો આત્મવિશ્વાસ ભાંગી જાય છે. મને અથાગ મહેનત કરવી ગમે છે. હું આશાવાદી છું. નસીબ કરતાં પ્લાનિંગમાં વધુ ભરોસો છે – શું કરું? સફળ થઈશ ખરો? મારા પ્લાનિંગની ગૂંચમાં આપ મદદ કરો તો સારું – હું જરૂર કશુંક પ્રાપ્ત કરી શકીશ એવા વિશ્વાસ સાથે આપની પાસે આવ્યો છું.'

મેં ખૂબ જ પ્રેમથી એની સામે જોતાં કહ્યું, 'બેટા, તું સફળ થઈશ જ. તારી ઈચ્છા મુજબનું તું મેળવીશ જ. તારું અંતઃકરણ સાફ છે. તારો દ્રઢ સંકલ્પ જોઈને જ અસફળતા ભાગી જશે. હવે રહી બીજી વાત. તું તારા અભ્યાસની લાઈન બદલી શકીશ ખરો? એ પહેલાં વિચાર–જો ગમતી લાઈનમાં જવાનું હોય તો તો કોઈ સમસ્યા છે જ નહીં. પરિવારના, આર્થિક કે અન્ય શૈક્ષણિક કારણોસર લાઈન બદલી શકે એમ ન હોય તો... પછી પરિશ્રમ શરૂ કરી દે. હસતા મુખે અથાગ પરિશ્રમ અને દ્રઢ સંકલ્પની દીવાદાંડીએ તું આ અણગમતી


## સ્વયંસિધ્ધા : જી.વી.સી. લેડિસ વિંગ

### આજનાં જમાનાને અનુરૂપ e-commerce ના વિષય પર સેમીનાર,

- ગૃહિણીઓ જે શિક્ષિત છે પરંતુ ઘર અને બાળકોને લીધે બહાર કમાવા જઈ નથી શકતી.
- આર્થિક કારણો વધારાની આવક ઊભી કરવા.
- ફંડની તંગીને લીધે નવા સાહસ ન કરી શકતા લોકો માટે

ખૂબ જ ઉપયોગી અને માહિતીસભર ૨ કલાકના આ સેમીનારમાં

૧) e-commerce વિશેની જાણકારી, એના ફાયદા અને ઉપયોગ

૨) ઓનલાઈન બીઝનેશનાં 11 Steps લાઈવ ડેમોન્સ્ટ્રેશન સાથે.

આ દ્વારા આપ online ખરીદી–વેચાણ ઈન્વેસ્ટમેન્ટની સમજ મેળવશો.

અત્યંત ઉપયોગી એવાં આ સેમીનારમાં Rs. 100/- રજીસ્ટ્રેશન ચાર્જ ભરીને કોઈપણ ભાગ લઈ શકે છે.

**તા. ૧૪/૧/૨૦૧૭ શનિવાર સાંજે ૪ વાગ્યાથી**

**સ્થળ : રાષ્ટ્રીય શાળા, ઘાટકોપર (ઈસ્ટ)**

આપ આપનું નામ નીચે જણાવેલ સભ્યો પાસે વહેલો તે પહેલો ના ધોરણે રજીસ્ટર કરાવી શકો છો.

**લીના લોડાયા :** 9769411010 / 8625155585 **અમીતા :** 93242298447 (7.00 to 9.00 pm.)

**રાજશ્રી મોતા :** 9987693334 **શોભા લોડાયા :** 9322088239 **ભાવના :** 9869877391

લાઈનમાં પણ સફળ થઈશ જ! કવિ સુંદરમ્‌ની પંક્તિને યાદ કરતો રહેજે... તને બળ મળશે. : 'હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની; ને જે અસુંદર રહી તેહ સર્વને મૂકું કરી સુંદર ચાહી ચાહી.'

અણગમતા અભ્યાસને પણ ચાહવાનું શરૂ કરી દેવું. આપણી જિંદગીમાં સાત રંગ કે સાત સૂરના પદાર્પણની જવાબદારી માત્ર આપણી જ હોય છે. ભગવાન, નસીબ, મિત્રો કે પરિવારજનોની નથી હોતી.

પહેલી બેનને જીવનમાં આનંદ લાવવા માટે પરિશ્રમ નથી કરવો. એમને આવતી કાલ પર ભરોસો નથી. માત્ર નસીબનો જ સહારો માને છે. એને અભાવમાંથી દૂર નીકળવા જીવનમાં જાતે રંગ નથી ભરવા-સૂર નથી સજાવવા. એને વિકાસ કરવાનો કોઈ મનસૂબો નથી. માત્ર અભાવના રોદણાં રડવાથી વિકાસના દ્વાર ન ઉઘડે. એના બદલે જો એ વિચારે કે - 'શાને હું કોઈની કોતરેલી વાટ પર ડગ માંડું? હું તો કીમિયાગર છું. મારો માર્ગ પણ બનાવીશ અને મંઝીલ પણ!'

જ્યારે વિદ્યાર્થી ઉત્સાહથી થનગનતો હતો. એને પોતાનામાં શ્રદ્ધા હતી. આશાવાદી વલણ હોવાથી પરિશ્રમની પૂરી તૈયારી દેખાતી હતી. એની ઝંખના અને પ્રાપ્તિની વચ્ચે એ સઘળું કરવા તૈયાર હોવાથી એનું ભવિષ્ય એ જાતે ઘડી શકશે એવું ફલિત થતું હતું.

કોઈ પણ ભવનમાં આવતા જતા લોકોનું ધ્યાન રાખવા ચોકીદાર હોય છે. જેથી સારી-નરસી, ખોટી-સાચી વ્યક્તિની ઓળખ થાય અને યોગ્યને જ પ્રવેશ મળે!

એ જ રીતે આપણા મસ્તિષ્કની ફેક્ટરીમાં સતત વિચારોની આવનજાવન ચાલુ જ હોય છે. આ આવનજાવન સાચી-સારી-ખોટી-નકામી કેવી છે એ જાણવા ચોકીદારની જરૂર પડે. ત્રણને આપણે નામ આપીએ - ૧. જીતભાઈ અથવા વિજયાબેન ૨. પરાજીતભાઈ અથવા પરાજીતાબેન અને ત્રીજો ચોકીદાર જીતાજીત અથવા જયપરાજય!

જીત અથવા વિજયા સતત જયના વિચારોને આવકારે છે. સ્વયોગ્યતાનું ભાન કરાવે છે. સ્વપસંદગીની જાણ કરે છે. શું કરવાથી સફળ થવાશે એ આ ચોકીદાર આપણને સતત જણાવે છે. એ ઉર્જાત્મક (Positive) વિચારોને સલામ કરે છે.

જ્યારે પરાજીત અથવા પરાજીતા નકામા, અણગમતા, અણઉપયોગી વિચારોની પાછળ ઘેલા થવા લાગે છે. એ સફળ થવામાં શું મુશ્કેલી છે, શું કમજોરી છે, આ કામ ન કરવાના


|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ||     || શ્રી શાંતિનાથાય નમઃ ||

પ્રથમ પહેડી રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ના શુભારંભ થતા... આજે
''શ્રી ગજોડવાલા નાગરજા સત્તો દાદા'' ની પહેડી ૮ માં વર્ષમાં પ્રવેશ કરે છે....
શ્રી લાલા-સાંધવ દંડ પરિવાર ભાવિકોમાં આનંદ ખુશી લહેરાઈ રહી છે.

**''શ્રી ગજોડવાલા નાગરજા સત્તો દાદા'' ની (આઠમી) પહેડી**

**શ્રી લાલા - સાંધવ દંડ પરિવારના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનોને સહપરિવાર પહેડી-પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.**

**શુભ દિન :** રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭ સવારનાં ૯.૩૦ થી ૨ ક. ● **મંગલ આરતી :** ૧૨.૩૯ કલાકે
**સ્થાન :** જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ એ.સી. હૉલ, અનંતસિદ્ધિ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ.

**: લાભાર્થી પરિવારો :**

| | |
|---|---|
| શ્રી શામજી નરશી દંડ | શ્રી મણીલાલ પદમશી દંડ - ઈન્દોર |
| શ્રી નવીનભાઈ હીરજી દંડ - વેરાવલ | શ્રી દેવશી નાથા દંડ પરિવાર |
| શ્રી હિરાચંદ નરશી દંડ | હ. પ્રમેશભાઈ - મહેશભાઈ - વિરચંદભાઈ |

સંગીત : શ્રીમતી ચેતના હરિયા એન્ડ પાર્ટી

**વિશેષ કાર્યક્રમ**

| | | |
|---|---|---|
| ❖ **તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન** ❖<br>ધોરણ ૧ થી ૧૨ અને ગ્રેજ્યએટ અને ઉપરના વિદ્યાર્થીઓનું<br>(રીઝલ્ટ / માર્કર્સશીટ સાથે) | ❖ **તપસ્વીઓનું બહુમાન** ❖<br>અઠ્ઠાઈ, અઠ્ઠાઈ થી ઉપરની તપસ્યા<br>વરસીતપ અથવા અન્ય વિશિષ્ટ તપસ્યા | ❖ **વડીલ વંદના** ❖<br>૭૦ વર્ષ થી ઉપરના વડીલોનું બહુમાન<br>❖ **લાભાર્થીઓનું બહુમાન** ❖ |

સંપર્ક : પ્રવિણભાઈ દંડ (લાલા) - 09821844144 ● મહેશભાઈ દંડ (સાંધવ) - 09323900739 ● સુર્યકાંત દંડ (લાલા) - 09322126602

|| જય શ્રી સચ્ચાઈ માં || **દર્શનાભિલાષી :** શ્રી શામજી નરશી દંડ (પ્રમુખ) ● શ્રી સુર્યકાંત દંડ (ઉપપ્રમુખ) || જય શ્રી દેશરમા ||

કારણો દૂધમાં પોરાની જેમ ખોળી કાઢે છે. એ વ્યક્તિને આગળ જતા રોકે છે. નિષ્ફળતાના ઢગલેઢગલા કારણો રજૂ કરી આગળ વધતા અટકાવે છે.

ત્રીજો ચોકીદાર સફળ અને અસફળ બંને વિચારોને વધાવે છે. આ પણ આવો અને આ પણ આવા. ઘડીમાં ચકડોળની જેમ ઉપર લઈ જાય, ઘડીકમાં નીચે, બસ વિચારોમાં ફંગોળ્યા કરે, મન-મસ્તક અશાંત થઈ જાય, પેટમાં ચૂંથારો થયા કરે અને વ્યક્તિ કશું પણ ન કરી શકવાની અનિર્ણાયક સ્થિતિમાં અટવાયા કરે.

હવે નિર્ણય આપણે કરવાનો છે કે ક્યા ચોકીદારને આજ્ઞા કરવી છે. જો સકારાત્મક સુઝાવ હશે તો જીતભાઈ સક્રિય થશે અને મંડશે કામ કરવા. જિંદગી હંમેશાં આવડતવાળા, કોઠાસૂઝ જાગૃત હોય તેવી, ભીતરી માંહ્યલાને માંઝ્યા કરતા હોય અને પસંદ કરે છે અને એટલે જ બધા ટોચ પર બીરાજતા નથી.

પરાજીતભાઈના સથવારે બુદ્ધુ લોકો ખીણમાં જ અથડાયા કરે છે. ક્યારેક કોઈ કહે - અમે આમ કેમ કરીએ છીએ એ ખબર નથી પડતી, પણ પ્યારા મિત્ર, અંતઃકરણને સાંભળો ને ! એની તરફ બહરાશ ન લાવો. સત્કર્મ કરતાં જ અંદરથી આનંદ, પ્રસન્નતા અનુભવાય છે. તે જ રીતે ખોટું થઈ જતાં જ મનને દુઃખ થાય છે, એ ગ્લાનિ અનુભવે છે. એટલે અંતરાત્મા આપણો મોટામાં મોટો પ્રશંસક પણ અને ચેતવણીકાર છે. અંતઃકરણની કોર્ટમાં ઉચિત ન્યાય મળે જ છે.

અંતઃકરણના અવાજને સાંભળવા માટે નિરાંત, શાંતતા અને એકાંતનો આનંદ ઉઠાવવા જરૂરી... રોજ થોડા સમયનું ધ્યાન આ માટે ઉપયોગી છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે : 'Talk to yourself atleast once in a day. Otherwise you may miss a meeting with an excellent person in this world.'

અંતઃકરણનો સામનો કરવા નીડરતાનો વિકાસ કરવો જરૂરી છે. ઘણું ય એવું દેખાશે જેથી આપણે ડરીને બહેરા થઈ જઈએ છીએ અને આખી વાત નસીબ પર ન્યોછાવર કરી દઈએ છીએ. નસીબના ભરોસે આગળ ન વધી શકાય.

અંતઃકરણની દૃષ્ટિ જેટલી સજાગ એટલું ગબડી પડવાનું, ભૂલ થઈ જવાનું ઓછું થશે. જેમ અંધ વ્યક્તિ ખુલ્લા કાનને લીધે ગતિમાન બને છે. એ અવાજની દિશામાં પોતાનો પથ ધીમે ધીમે કાપે છે. અને કોઈ ઉતાવળ નથી હોતી. આપણે અંતઃકરણને સાંભળ્યા વિના ઉતાવળે નિર્ણય લઈને કોઈ વિશે

---

॥ શ્રી મહાવીર સ્વામીને નમઃ ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમઃ ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ ॥

જખૌ મહાજન
Estd. 1966

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

પ્રતિ,
જખૌ મહાજન સભ્યો જોગ,

તા. ૨૪/૧૨/૨૦૧૬

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન તથા શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટનો કાર્યકાલ તા.૩૧/૩/૨૦૧૭ના પુર્ણ થતો હોઈ નવી વ્યવસ્થાપક સમિતી તથા ટ્રસ્ટ બોર્ડની ચુંટણી પ્રક્રીયા શુરૂ કરવા તા.૬/૧૧/૨૦૧૬ ની વ્યવસ્થાપક સમિતીની સભામાં ચર્ચા વિચારણા કરી મુખ્ય ચુંટણી કમિશનર તરીકે **શ્રી સનતભાઈ કુંવરજી ખોના**ની સર્વાનુમતે નિમણુંક થયેલ અને આગામી કાર્યકાલ તા.૧/૪/૨૦૧૭ થી ૩૧/૩/૨૦૨૨ માટેની વ્યવસ્થાપક સમિતી અને ટ્રસ્ટ બોર્ડની ચુંટણીની પ્રક્રીયા અને કાર્યક્રમની જાહેરાત નીચે પ્રમાણે છે.

## ❊ ચુંટણી કાર્યક્રમ ❊

૧) ઉમેદવારી ફોર્મ વિતરણ તા.૨૨/૧/૨૦૧૭
૨) ભરેલ ફોર્મ સ્વિકારવાની છેલ્લી તા.૧૨/૨/૨૦૧૭ સાંજના ૫ વાગ્યા સુધી
૩) ફોર્મ પાછા ખેચવા માટે છેલ્લી તા.૧૯/૨/૨૦૧૬ સાંજના ૫ વાગ્યા સુધી અને
૪) ઉમેદવારોની આખરી યાદીની જાહેરાત તા.૧૯/૨/૨૦૧૬
૫) ચુંટણી મતદાન માટેની તા.૨૬/૩/૨૦૧૭ (સ્થળ પાછળથી જાહેર કરાશે)

લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી
શ્રી કેશરસીંહ આણંદજી ખોના શ્રી નીલેશ (નયન) રમેશ મોમાયા
(માનદ્ મંત્રીઓ)

**ફોર્મ મેળવવા અને ભરીને સ્વીકારવા માટે સંપર્ક**

૧) શ્રી કેશરસિંહ ખોના - 7506003584
મુલુંડ અને ડોંબિવલી

૨) જખૌ દેરાસરજીના મેહતાજી, જખૌ
શ્રી નવિનભાઈ મૈશેરી - 02831 287224

**વધુ વિગત માટે સંપર્ક મુખ્ય ચુંટણી અધિકારી**
**શ્રી સનતભાઈ કુંવરજી ખોના-ડોંબિવલી**
**77380 78844 E-mail - sanatkhona@gmail.com**

**શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ તથા શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ**

## શ્રધ્ધાંજલિ



કચ્છ સુથરી — મુંબઈ માટુંગા

## સદ્‌ગત શ્રી લહેરચંદભાઈ ખીમજી સોની

સદ્‌ગત શ્રી લહેરચંદભાઈ (મનોરંજન ડેકોરેટર્સ) નો ગુરૂવાર, તા. ૧૫-૧૨-૨૦૧૬ના દિને દેહવિલય થયો છે.

સદ્‌ગત શ્રી માટુંગા સંઘ સાથે અનેક વર્ષોથી સંકળાયેલા હતા. તેઓશ્રીએ **શ્રી સંઘની તન, મન અને ધનથી** અવિરત અંતિમ શ્વાસ સુધી સેવા કરી હતી.

**શ્રી સંઘના દરેક પ્રસંગો, અનુષ્ઠાનો, આયંબીલ, એકાસણા વગેરેમાં** તેમની સેવા ખુબજ પ્રશંસનીય રહી હતી. તેમની વિદાયથી માટુંગા સંઘને મોટી ખોટ પડી છે.

**શ્રી લહેરચંદભાઈ**ના આત્માને શાંતિ અને સદ્‌ગતી પ્રાપ્ત થાય અને તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની પરમાત્મા શક્તિ આપે એજ પ્રાર્થના.

**શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યો**

## ફુલ ગયું ફોરમ રહી

માતુશ્રી માકબાઈ ખીમજી સોની પરિવારના મોભી પુત્ર અને કસ્તુરીબેનના પતિ અને માતુશ્રી હિમાબાઈ લક્ષ્મીચંદ નાગશી મોમાયા (વરાડીયા)ના જમાઈ તેમજ રાજેશ સોનીના પિતા **લહેરચંદભાઈ**ના દેહાંતથી પરિવારે મોભી ગુમાવ્યો છે.

જીવનમાં શાંત સુધારસનું રસપાન કરીને અમ જીવનને અમૃતપાન કરાવનાર તથા પારાવાર પ્રેમથી ભીંજાવનારા સ્વજનને હૃદયપૂર્વક

## શ્રધ્ધાંજલિ



કચ્છ સુથરી — મુંબઈ માટુંગા

## સદ્‌ગત શ્રી લહેરચંદભાઈ ખીમજી સોની

જન્મ : તા. ૧૩-૧૨-૧૯૪૮
સ્વર્ગવાસ : તા. ૧૫-૧૨-૨૦૧૬

હે પ્રભુ ! એ આત્માને પરમ શાંતિ આપજો
એજ અમારી અશ્રુભીની પ્રાર્થના...

જેમ ફુલોની તાજગી, તેમ તમારી સાદગી,
જેમ દીપનો પ્રકાશ, તેમ તમારો વિશ્વાસ,
જેમ ધુપની સુવાસ, તમ તમારો અહેસાસ,
જેમ સાગરની ગભીરતા, તેમ તમારી ઉદારતા,
આપીએ તમને નતમસ્તકે શ્રધ્ધાંજલિ

**આપનો આત્મા અમારા પર દિવ્ય આશીષ વર્ષાવતો રહે**

**રાજેશ લહેરચંદ સોની**

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન - લાલા

**લાલા ગામવાસીઓનું સ્નેહમિલન તથા વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૫.૧.૨૦૧૭ ના સવારના ૯.૦૦ થી ૨.૦૦ જીવરાજ ભાણજી હૉલ, અશોક નગર, નાહુર વિલેજ, મુલુંડ (વે) ખાતે રાખવામાં આવેલ છે.**

દરેક ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**આ નિમિત્તે સહાયક દાતા રૂા. ૧૧,૦૦૦/- નો નકરો રાખેલ છે. અત્યારસુધી આવેલ નામો નીચે મુજબ છે :**

૧. શ્રી ટોકરશી આણંદજી લાલકા, ૨ માતુશ્રી માનબાઈ દામજી મૈશેરી, ૩. અ. સૌ. રતનબેન ગોવિંદજી દંડ, ૪. શ્રી ઉમરશી રામજી દંડ, ૫. અ. સૌ. તરલા લહેરચંદ મૈશેરી, ૬. શ્રી મુલજી ખીંયશી મૈશેરી, ૭. માતુશ્રી સુંદરબાઈ ભવાનજી મૈશેરી, ૮. શ્રી ભરત નારાણજી મૈશેરી, ૯. શ્રી નવીન લક્ષ્મીચંદ લોડાયા, ૧૦. માતુશ્રી બાંયાબાઈ લખમશી ધરમશી, ૧૧. શ્રીમતી કલ્પના બંકીમચંદ લાલકા, ૧૨. માતુશ્રી હીરબાઈ મણશી લાલકા, ૧૩. શ્રી હીરાચંદ હરશી મોમાયા, ૧૪. માતુશ્રી લક્ષ્મીબેન મુલજી લાલકા, ૧૫. શ્રી ગોવિંદજી આણંદજી મૈશેરી, ૧૬. માતુશ્રી બાંયાબાઈ જેઠાભાઈ મૈશેરી

**(હજી પણ નામ આવકાર્ય છે. બહારગામવાળા તથા મુંબઈના ગામવાસીઓ દાતા માટે નીચે સંપર્ક કરશો.)**

બહારગામથી પધારનારની ઉતારા તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.


**એલ. ડી. માસ્ટર** (પ્રમુખ) 09892450358

**દિલીપ ઉમરશી દંડ** (સેક્રેટરી) 09869324944

**પારસ લહેરચંદ મૈશેરી** 09322045388


**આપણા લાલા ગામના દહેરાસરની ધજા વસંતપંચમી તા. ૧.૨.૨૦૧૭ ના લાલા મધ્યે છે. દરેક ગામવાસીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

(બન્ને પ્રસંગમાં બહારગામથી પધારનારને આપના આગમનની જાણ કરવા નમ્ર વિનંતી.)

અભિપ્રાય આપીએ કે કશા વિશે મૂલ્યાંકન કરીએ છીએ, જેથી રાગદ્વેષનો ગુણાકાર કરીએ છીએ. લાંબે ગાળે પશ્ચાતાપની આગમાં શેકાવું પડે છે.

આ ઉતાવળના મુખ્ય કારણ જીદ, વટ, અભિમાન, અહંકાર, પોતા માટેનો ઊંચો અભિપ્રાય અને પરિણામ અથવા ફળ જલદી પ્રાપ્ત કરવાની મનોઈચ્છા કારણભૂત છે.

આપણે મનોશિક્ષણના પગથિયા વિશે વિચાર કરીએ :

૧. અંતઃકરણનું સાંભળી, યોગ્ય નિર્ણય માટે પરિવાર, મિત્રો કે જાણકારની સાથે ચર્ચા કરીને યોગ્ય દિશા તરફ વળવું.

૨. ભીતરથી સદાય પ્રસન્ન રહેવું, આનંદને પ્રસારિત કરતા રહેવું.

૩. વાચન, સમૂહ વાચન, સહવાચન અને સત્સંગનો આગ્રહ સેવવો.

૪. બીજાના અનુભવોમાંથી શીખી એમણે કરેલ ભૂલો પ્રત્યે સજાગ રહેવું.

૫. 'મને બધું આવડે છે' એવા ભ્રમમાં ન રહેવું. પોતાની ખૂબી અને ખામી બંનેને લક્ષમાં રાખી સ્વમૂલ્યાંકન કરવું.

૬. સમસ્યા તો આવશે જ, પણ મિ. જયની મદદ લઈ ખુલ્લા દિલે, આશાથી ભરપૂર સકારાત્મક રીતે વિચારવાથી સમાધાન અચૂક મળે જ.

૭. હતાશા, નિરાશા, નકારાત્મકતા એટલે કે મિ. પરાજીતથી કોસો દૂર રહેવું, એની મિત્રતા ન કેળવવી, એના અવાજને ઉગતોજ ડામી દેવો.

૮. સફળતા અન્ય લોકો આંકે છે, સંતોષ પોતાના મનમાંથી ઉઠતી અનુભૂતિ છે એટલે સફળતાથી વિશેષ સંતોષને પ્રાધાન્ય આપવું.

### લગ્ન સંબંધિ

**મુંબઈ મુલુન્ડ** સ્થિત ૧૯૮૨ નો જનમ નિર્દોષ છૂટા છેડા થયેલ (યોગ્ય પુરાવા આપવામાં આવશે) મલ્ટી નેશનલ કું. માં સારી જોબ ધરાવનાર યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય છે. સંપર્ક : **09699663533**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## સુંગધીદાર, રંગબેરંગી ફૂલોનું વિશ્વ : ક્યોકનહૉફ – પાના નં. ૨૦ થી ચાલુ

ક્યોક્ધહૉફનો અર્થ કીચન ગાર્ડન થાય છે. ક્યોકનહોફની શરૂઆત ત્યાં આવેલા મહેલના રસોડાની જરૂરિયાત પૂરી પાડવા માટે નાના પાયા પર જ થઈ હતી. ૧૯૫૦માં એ જાહેરજનતા માટે ખુલ્લો મુકાયો અને પહેલા વર્ષે જ અઢી લાખ લોકોએ એની મુલાકાત લીધી. છેલ્લાં ૬૬ વર્ષોમાં દુનિયાભરમાં આ બાગ એવો તો મશહૂર થઈ ગયો કે અહીં દેશ-વિદેશના લોકોનો મેળો ભરાય છે અને દરેક આવનારને પોતાનો ફેરો સફળ લાગે છે. ક્યોકનહૉફ દક્ષિણ હૉલેન્ડમાં આવેલા લિસ્સ ગામમાં આવેલું છે ને ઍમસ્ટરડૅમ શહેરથી ત્યાં પહોંચતા લગભગ પોણો કલાક લાગે છે.

અમે ડચ પ્રજા ફૂલોની બહુ શોખીન છે. હૉલેન્ડ પાસે ફૂલોની ઈન્ડસ્ટ્રી છે, ઍમસ્ટરડૅમમાં ફૂલોની હરાજી થાય છે. અમે વ્યક્તિદીઠ ૧૬ યુરો ચૂકવી આ ઉપવનમાં પ્રવેશ્યાં. પવનની લહેરખીઓ સાથે માથાં હલાવતાં ટ્યુલિપોએ અમને આવકાર્યો. પૃથ્વીના પટ પર રંગરંગનાં થીગડાં સીવી લીધાં હોય તેવા અલગ અલગ રંગોના ફૂલોના સમૂહ એકબીજાની પડખે આયોજનથી ઉગાવવામાં આવ્યાં હતાં. આછી સુગંધથી મહેકતાં એમનાં નાજુક અને રંગીન બદન અમારા હૈયામાં અકથ્ય ઉલ્લાસ જગાવતાં હતાં. નિર્બળ લાગતાં પુષ્પોની વશીભૂત કરવાની દિવ્ય શક્તિનો અમને અહેસાસ થયો. રંગ-સૌરભના દરિયામાં વિના પાણીએ ભીંજાતા અમે ઘેલાં ઘેલાં થઈ ગયાં. શું રંગો ! શી એમની છટા ! એક એક રંગના કેટલા વિવિધ શેડ્સ, અમે શરૂઆતમાં રંગો ગણવાના શરૂ કર્યા પણ પછી ગણતરી જળવાઈ નહીં. રંગોની મેળવણી કરી એટલાં બધા નવા રંગોના ટ્યુલિપ તૈયાર કરવામાં આવ્યા છે કે રંગોનાં નામો માટેનું આપણું જ્ઞાન ઓછું પડે.

ફૂલો ઉપરાંત ક્યોકનહૉફને વધુ આકર્ષક બનાવવા અનેક તજવીજો કરવામાં આવી છે. ત્યાં ટ્યુલિપોમેનિયા નામનું પ્રદર્શન છે જેમાં ટ્યુલિપનો રસપ્રદ ઈતિહાસ છે. ૧૯૫૩માં પહેલીવાર હૉલેન્ડમાં ટ્યુલિપને રોપવામાં આવ્યા હતા. ઘણાં ટ્યુલિપોને મશહૂર હસ્તીઓનાં નામ આપવામાં આવ્યાં છે.જેમાંથી એક જાતનું નામ ઐશ્વર્યા રાયના નામ પરથી રાખવામાં આવ્યું છે. બાળકોને અહીં આખો દિવસ ગાળવાની મજા પડી જાય અને તેઓ રમવામાં વ્યસ્ત રહે એવી વ્યવસ્થા છે. એમના માટે ભુલભુલામણી છે, એમને ગમ્મત સાથે જ્ઞાન મળે એવી ખજાનાની શોધ છે, શારીરિક કસરત કરાવતાં સાધનો સાથેનું રમવાનું મેદાન છે અને તદ્દન નાનાં ભૂલકાંઓ માટે પાળી શકાય તેવાં પ્રાણીઓનો નાનો પ્રાણીબાગ પણ છે. ૧૮૯૨માં બંધાયેલી પવનચક્કી ઉપર ચડતાં આજુબાજુના પ્રદેશનું બહુ જ સુંદર દશ્ય જોવા મળ્યું. ત્યાંથી લિસ્સ ગામના ટ્યુલિપનાં રંગીન ખેતરો જોઈ શકાતાં હતાં. હૉલેન્ડમાં બગીચામાં કામ કરતી વખતે લોકો લાકડાંના બૂટ પહેરે છે જે ક્લૉગ તરીકે ઓળખાય છે. બે જાયન્ટ સાઈઝ ક્લૉગ્સ બીગાચામાં મૂકવામાં આવ્યા છે. એવી લોકવાયકા છે કે બૂટ પહેરીને ઈચ્છા કરવાથી મનની મુરાદ પૂરી થાય છે. ત્યાં અમે કેટલાયે ફોટા પાડ્યા છતાં ફોટો પાડવા વાળી એક નવો


**શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ      શ્રી શાંતિનાથાય નમઃ**

**ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ - જાહેર નિમંત્રણ**

**બન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ,**

પ.પૂ. અચલગચ્છાધિપતિ **શ્રી ગુણોદય સાગર સૂરિશ્વર મ.સા.** તેમજ **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.** ના આશિર્વાદથી તેમજ **પ.પૂ. સાધ્વી શ્રી કેવલ્યગુણાશ્રીજી**ની પાવન નિશ્રામાં તેમજ વિધિકાર સુશ્રાવક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ**ના માર્ગદર્શનમાં બન્ને ગામોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

**કાર્યક્રમ :** વિક્રમ સંવત ૨૦૭૩ ફાગણ વદ ૧ ને **સોમવાર તા. ૧૩-૦૩-૨૦૧૭**ના બન્ને જિનાલયોમાં **અઢાર અભિષેક**. વિક્રમ સંવત ૨૦૭૩ ફાગણ વદ ૨ ને **મંગળવાર, તા. ૧૪-૦૩-૨૦૧૭**ના બન્ને જિનાલયોના **ધ્વજારોહણ.**

આ જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી.

**આવનાર ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.**

**સંપર્ક :**

| | | | |
|---|---|---|---|
| અશોક પોલડીયા | 09422212250 | ઉપેન્દ્ર ગોસર | 09323199335 |
| ભુપેન્દ્ર ડાઘા | 09819883522 | પ્રવિણ મોમાયા | 09425089966 |

**એજ લિ. પ્રમુખશ્રી ધનપતિ મોમાયા**

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી ક. દ. ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**સગપણ સેતુ આયોજીત**



## પરિચય મિલન - ૨૦૧૭



**કહેવાય છે કે લગ્ન મંડાય છે ગગન પર અને યોજાય છે પૃથ્વી પર.**

**સત્યતાને ફળીભુત કરવા જટિલ પ્રશ્ન વડિલોને મુંઝવે છે યોગ્ય યુવક / યુવતી (પુત્ર/પુત્રી) માટે યોગ્ય પાત્રની શોધ**

શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની વર્તમાન કમિટીની સગપણ સમિતી દ્વારા ૨૦૧૫ ના ક્રિષ્ણા રિસોર્ટ અને ૨૦૧૬ શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ ભાંડુપ ખાતે યોજાયેલ સફળ પરિચય મિલન ની સફળતાથી પ્રેરાઈને યોગ્ય પાત્ર માટે યોગ્ય પાત્રનો મેળાપ કરાવવા તૃતીય સગપણ (પરિચય મિલન) કાર્યક્રમ

**તા. ૨૬-૨-૨૦૧૭** ને રવિવાર **સવારના ૯ થી સાંજે ૮** દરમ્યાન ખુશનુમા વાતાવરણમાં એટલે કે મુંબઈ બહાર

**રૂદ્ર સેલ્ટર ઈન્ટરનૅશનલ** તુંગારેશ્વર ફાટા, નૅશનલ હાયવે ૮, સાતિવલી, વસઈ (પૂર્વ).

- સગપણ સમિતી અનુકરણીય ઉદાહરણ આપનાર દેશાવર જાવા તૈયાર મુંબઈની કન્યાઓનું વિશેષ આભાર વ્યક્ત કરે છે.
- લગ્નોત્સુકોને આપશી પરિચય મળી રહે તેવી ગ્રુપ ઍક્ટીવીટી
- પછી દરેક ને પોતાના પંસદગીના પાત્ર માટે સ્વતંત્ર રીતે મળવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

- ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫-૨-૨૦૧૭ સુધી મહાજન ઑફીસના સરનામે મોકલી આપવા વિનંતી જેથી યથા યોગ્ય વ્યવસ્થા થઈ શકે.
- તા. ૧૫-૨-૨૦૧૭ પછી કોઈપણ ફૉર્મ સ્વીકારમાં આવશે નહી.
- અનુકુળતા મુજબ બસની વ્યવસ્થા રહેશે. સવારે ૭.૦૦ કલાકે બસ ઉપડી જશે.
- ઉમેદવાર સાથે એક વડિલ રૂા. ૧૦૦૦/- અને એક્સ્ટ્રા વડિલ રૂા. ૮૦૦/-

---

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# Shree K.D.O. Jain Gnati Mahajan, Mumbai

302/306, Narshi Natha Street, Shri Anantnathji Chowk, Masjid Bunder, Mumbai - 400 009.

Sagpan Setu Orgnises

## Parichay Milan -2017

*Come and meet candidates from all over India at one place.*
*Explore your choices and find your dream life partner*

*Venue* : **Rudra Shelter International** Tugareshwar Phata, National Highgway 8, Sativali, Vasai (East).

Date : 26th Feb. 2017 • Timing : 9.00 a.m. to 8.00 p.m.

- Bus Facility available from Strategic KDO Destinations.
- Last date of form submission Date : 15-2-2017
- **Charges Rs. 1000 per candidate & one parent. Rs. 800 per extra person.**

For Enquiry Contact :

| | | | |
|---|---|---|---|
| **Ratilal Khona (Matunga)-** | **9833119477** | **Jalpa Lodaya (Vashi)-** | **9867615913** |
| **Kalpesh Lodaya (Ghatkopar) -** | **9833962299** | **Jasmin Sayla (Dombivli) -** | **8452821425** |
| **Manisha Lalka (Mulund) -** | **9820545734** | **Chetan Khona (Goregaon) -** | **9324461894** |

**E-mail :** anantnathderasar@gmail.com • konarkinterior@gmail.com • jalpalodaya@yahoo.com

Bank Details for Payment :

Bank Details : Kutchi Dasha Oswal Jain Gnati Mahajan, Mumbai
Bank of India, Mandvi Branch Mumbai
Account No. 003210110001513 • IFSC Code : BKID0000032
NEFT Details should reach mumbai Mahajan office then only form will be valid :

ફૂલોનો સમૂહ હાકલ કરે ! અહીં પાંચેક રૅસ્ટોરેન્ટ છે અને ટ્યુલિપના લોભામણાં સુવિનિયર વેચતી દુકાનો છે.

યજમાન અમને લિસ્સ ગામના ટ્યુલિપના ખેતરો જોવા લઈ ગયા. હૉલેન્ડ સપાટ દેશ છે તેથી ઠેઠ ક્ષિતિજને આંબતા રંગોથી જે ભવ્ય દૃશ્યનું નિર્માણ થતુ તેનું શાબ્દિક ચિત્ર દોરવું અસંભવ છે. એકરોના એકરો સુધી લાલ, ગુલાબી, પીળા, જાંબલી એવા વિવિધ રંગોના પટ્ટા દેખાતા હતા, જાણે ધરતી પર રચાયેલું મેઘધનુષ !

૮૦ના દાયકામાં આવેલી સિલસિલા ફિલ્મમાં ટ્યુલિપનાં ખેતરોએ લોકોને બહુ આકર્ષ્યા હતાં.

આમસ્ટરડૅમના સ્કિપહૉલ એરપોર્ટ પરથી અને એમસ્ટડૅમ શહેરમાંથી ક્યોકનહૉફ જવા બસ મળે છે જેમાં બસ અને ગાર્ડનની ટિકિટ સાથે મળે છે એથી સમય અને પૈસા બંનેની બચત થાય છે.

લિસ્સમાં રહેવા માટેની હૉટેલ્સ ઓછી છે તેથી એમસ્ટરડૅમથી એક દિવસની ટ્રિપ લેવાનું સારું રહેશે. ક્યોકનહૉફમાં ઘણાં રૅસ્ટૉરન્ટ્સ છે અને લિસ્સમાં ફોર સિઝન્સ નામના રૅસ્ટૉરન્ટમાં વેજિટેરિયન જમવાનું મળે છે.


## શ્રી સચ્ચાઈ માતાજીની સમુહ પહેડી

**શ્રી સેવક ભરૂડીયા ગામે બિરાજમાન**
**શ્રી સચ્ચાઈ માતાજીને નમતા ધુલ્લા પરિવાર તથા**
**નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ.**

શ્રી સચ્ચાયમાતાજી ની પહેડીના દાતાશ્રી
**માતુશ્રી કાન્તાબેન રાયચંદ કરમશી ધુલ્લા સહપરિવાર**
**તા. ૨૯-૦૧-૨૦૧૭ ને રવિવાર મહાસુદ - ૨**
સ્થળ : **રોમન - વીઝન બેન્કવેટ હૉલ** (૩જે માળે),
શ્રી ક.વી. ઓસવાલ દેરાવાસી જૈન મહાજનવાડી,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચીંચબંદર (સેંડહર્સ્ટ રોડ), મુંબઈ-૪૦૦ ૦૦૯.

**-: કાર્યક્રમ :-**

| | |
|---|---|
| સવારે ૮.૦૦ કલાકે | : **શ્રી ગણેશજી ની સ્થાપના** |
| ૮.૦૦થી ૯.૦૦ | : **ચહા નાસ્તો** |
| ૯.૦૦ | : **માતાજીનું આગમન** |
| ૧૧.૦૦ | : **થાળ** |
| ૧૨.૦૦ | : **માતાજીનો પ્રસાદ** |
| ૧૨.૩૯ | : **માતાજીની આરતી** |
| ૩.૦૦ | : **હાઈ ટી** |

**સંપર્ક :** **શ્રી રીતેશ હરીશ ધુલ્લા - 09820791419**
**શ્રી વનરાજ ધુલ્લા - 09869392904**



**શ્રી ગણેશાય નમઃ**

**શ્રી સચ્ચાઈ માતાય નમઃ** **શ્રી ભલારાદાદાય નમઃ** **શ્રી સુરાપુરાડાડાય નમઃ**

## સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન

મોટી ખાવડી, નાની ખાવડી, દલતુંગી, ગોરખડી

મોટી ખાવડી મુકામે નમતા લોડાયા પરિવારના સર્વે ભાવિકોને જય જિનેન્દ્ર, જય માતાજી.

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે શ્રી મોટી ખાવડી ગામમાં બિરાજમાન લોડાયા પરિવારના શ્રી સચ્ચાઈ માતાજી, શ્રી ભલારાદાદા, શ્રી સુરાપુરાડાડાની **દસમી ધજા મહોત્સવ** નિમીત્તે બે દિવસનું કાર્યક્રમનું આયોજન રાખેલ છે. તા. ૮/૪/૨૦૧૭ના સાંજના ભાવનામાં ધજા તથા ગંધી બદલવાની તથા આરતીનો ચડાવાનો આદેશ આપી દેવામાં આવશે. તા. ૯/૪/૨૦૧૬ના શ્રી સચ્ચાઈ માતાજી, શ્રી ભલારાદાદા, શ્રી સુરાપુરાડાડાની ધજા તથા ગંધી બદલવાની.

**સર્વે ભાવિકો તથા નિયાણી દિકરીઓને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**ખાસ નોંધ ધ્યાનમાં લેશોજી :** જે કોઈ પણ ભાવિક તથા નિયાણી બહેનો, દિકરીઓ પાસે રહેવાની સગવડતા ના હોય તો કમીટી મેમ્બરને એક મહિનો અગાઉ જાણ કરશો તો વ્યવસ્થા થઈ શકશે. તમારી સગવડતામાં અગવડતા ના પડે તે માટે કમીટી મેમ્બરને સમયસર જાણ કરવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| **ભરત પાસુભાઈ લોડાયા** | **- 09833772735** | **કિરીટ કાંતિલાલ લોડાયા** | **- 09920472971** |
| **ગીરીશ ખીમજી લોડાયા** | **- 07738823247** | **દેવેન્દ્ર ચંદુલાલ લોડાયા** | **- 09998672190** |
| **જીવરાજ ગોવિંદજી લોડાયા** | **- 09322266103** | **વિમલ ચંદુલાલ લોડાયા** | **- 09712500765** |

**પંકજ હીરાચંદ લોડાયા - 09898214141**

**લી. સુસભ લોડાયા પરિવારના જય જીનેન્દ્ર જય માતાજી.**

# ચપટી

**- આશા વીરેન્દ્ર**



ટન... ટન... ટન... - ઘડિયાળમાં ત્રણના ટકોરા પડ્યા.

'મમ્મી, ત્રણ વાગ્યા. શું કરું? તુકારામને જમવા આપી દઉં?'

'અરે, તુકારામ હજી જમ્યો નથી? મને શી ખબર? નહીંતર 'એ' તો કહીને જ ગયા છે કે એક-દોઢ વાગ્યા સુધીમાં ન આવું તો જમવા માટે મારી રાહ ન જોતા.'

'તુકારામને તો મેં કેટલીવાર જમવાનું કહ્યું પણ માને તો ને? એની તો એક જ વાત હોય : 'शेठने जेवण नाय केला ने? तरी मी पन नन्तर जेवण करनार' તુકારામને વધેલી બધી રસોઈ આપી દઈ, તૃષા હાથ લૂછતી બહાર આવી.

'હા મમ્મી, હું તો તમને કહેતા જ ભૂલી ગઈ. તમે નહાવા ગયા ત્યારે નયનામાસીનો ફોન હતો. કહેતા હતા કે તારી સાસુ તો મને યાદ જ નથી કરતી લાગતી. કેટલા દિવસથી એનો ફોન જ નથી.' તૃષાએ સોફા પર ગોઠવાતાં કહ્યું.

'સાચે જ, હું આળસું થઈ ગઈ છું. એના ત્રણ-ત્રણ ફોન આવે ત્યારે માંડ હું એક ફોન કરું.'

'કેવું ખરાબ લાગે મમ્મી! ચાલો, હમણાં જ ફોન જોડો.'

સરોજબેને નયના સાથે વાત ચાલુ કરી. હજી તો ખબર-અંતર પૂછ્યા ન પૂછ્યા ત્યાં દરવાજે ઘંટડી વાગી. સરોજબેનને વાત ચાલુ રાખવાનો ઈશારો કરતાં તૃષા બારણું ખોલવા દોડી ગઈ. નવનીતરાયને અત્યારે આવેલા જોઈને એ જરા ડઘાઈ ગઈ. ડેડી આ ટાઈમે આવ્યા તે જમવાના હશે કે... હજુ તો એ વિચારે ત્યાં તો તૃષા સામે નજર પણ કર્યા વિના નવનીતરાય ફોન પાસે પહોંચી ગયા. જોરજોરથી ચપટી વગાડતાં કહેવા લાગ્યા :

'ચાલો, હવે ફોન પર ગપ્પા મારવાના મૂકીને જમવાનું આપો. કકડીને ભૂખ લાગી છે. એટલી સમજ જ ન પડે કે, ભૂખ્યો માણસ ઘરમાં આવે એટલે...'

'હં, નયના, ફોન મૂકું હં. આ જોને, તારા જીજાજી આવ્યા છે ને તે...'

'ડેડી હું તમને જમવાનું આપું છું. મમ્મીને માસી સાથે વાત કરી લેવા દો ને!' તૃષાએ આગળ આવીને ધીમેથી કહ્યું.

'તૃષા, ફોન કરવાનું અગત્યનું છે કે મને જમાડવાનું? ને ઘરમાં આખો દિવસ બીજું કરવાનું પણ શું હોય છે?'

નવનીતરાયને મોટે મોટેથી ઘાંટા પાડતા સાંભળીને સામે છેડેથી નયનાએ કહ્યું :

'મોટીબેન, જીજાજીનો સ્વભાવ આટલી ઉંમરે ય ન બદલાયો. આખી જિંદગી તો તમે એમનો પડ્યો બોલ ઝીલ્યો પણ હવે તમારીય ઉંમર...'

'નયના, પછી બધી વાત કરશું. અત્યારે ફોન મૂકું.' સરોજબેન અને તૃષા રસોડા ભણી દોડ્યાં.

દીવાનખંડમાં નવનીતરાયનો બડબડાટ અને ચપટી વગાડવાનું બંને ચાલુ જ હતાં.

'ચાલો... ચાલો... જલ્દી! કેટલી વાર લાગે? સાસુ-વહુ બે તો છો, કરવાવાળાં!' એકબીજા સામે નજર કરવાનું ટાળી રહેલાં સરોજબેન અને તૃષા બંનેનાં મનમાં અત્યારે એક જ વિચાર ચાલી રહ્યો હતો, 'જમવા માટે રાહ જોવાની ના તો તમે જ પાડી હતી અને હવે આમ ઘોડે ચઢીને...' પણ તાકાત

*પંડ અમારું વાંસલડી ને ફૂંક વાગશે ફરી*
*નજર કરું ત્યાં નારાયણ ને, હાથ ધરું ત્યાં હરિ.*
*પગ મૂકું ત્યાં પુરુષોત્તમ ઘર, એ ઘરમાં હું ઠરી!*

કોનામાં હતી કે નવનીતરાયને મોઢે આ વાત કહી શકે ? પૂરીનો લોટ બાંધતાં સરોજબેન વિચારી રહ્યા હતા કે આટઆટલાં વર્ષો એમના કડપમાં ને કડપમાં ફફડતાં કાઢ્યાં. એમ હતું કે ઉંમર વધવા સાથે સ્વભાવમાં ફરક પડશે, થોડા ટાઢા પડશે પણ આમનો તાપ તો હજી એવો ને એવો. અત્યાર સુધી તો ચૂપચાપ સહન કરી લીધું પણ હવે આ કાલ સવારની આવેલી દીકરાની વહુના દેખતાં પણ... ? નથી સહન થતું આ અપમાન, આ અવહેલના. મરવા જેવું લાગે છે ત્યારે દીકરાની વહુ સામે એ મને પાણીથી ય પાતળી કરી નાખે છે.

તો બીજી બાજુ છરી લઈને ફટાફટ કોબી સમારતી તૃષા પણ વિચારોથી ઘેરાયેલી હતી - આટલું બધું તો મમ્મી જ સહન કરે. આપણી તો તાકાત જ નહીં અને હોવી પણ શા માટે જોઈએ ? એને તાકાત કહેવાય કે નબળાઈ ? ડેડીની દરેક વાતને બ્રહ્મવાક્ય માનીને મમ્મી શા માટે માથે ચઢાવે છે ? કેમ સામે રોકડું પરખાવતાં નથી ? એ તો સારું છે કે મિતુલ ડેડી જેવો નથી, સમજુ છે... સમજુ ? આ પ્રશ્નની સાથે જ આંગળીમાં ચપ્પુની ધાર વાગી ગઈ. મિતુલ જો ખરેખર સમજુ અને સંવેદનશીલ હોય તો કેમ પોતાની માની વેદના અનુભવી નથી શકતો ? એને સમજુ કહેવા કરતાં સ્વાર્થી કહેવો ઠીક રહેશે. શાક વઘારતાં વઘારતાં તૃષા પોતાની અને મિતુલ વચ્ચેની વાતચીત યાદ કરતી રહી.

'મિતુલ, મને તો ઘણીવાર મમ્મીની દયા આવે છે. ડેડીનો કેટલો કડક સ્વભાવ ! તું કંઈ બોલતો હોય તો ?'

'લુક તૃષા, તારા કામથી મતલબ રાખતાં શીખ, સમજી ? મમ્મીનું મમ્મી ફોડી લેશે. તને તો ડેડી તરફથી કંઈ તકલીફ નથી ને ? ધેટ્સ ઑલ !' મિતુલનો મૂડ બગડે ત્યારે ડેડીની માફક એનો પણ 'વોલ્યુમ' મોટો થઈ જતો. 'તૃષા, ડેડી ગાંડા તો નથી ને ? મમ્મી પર ગરમ થતા હોય તો એમાં મમ્મીનો જ વાંક હોય.'

આ કોણ, મમ્મીનો લાડકવાયો મિતુલ બોલે છે ? જેને અછો અછો વાનાં કરીને, કેટલીય વાર એની માગણીઓ પૂરી કરવા ડેડી આગળ ખોટું બોલી બોલીને મમ્મીએ પૈસા કઢાવ્યા હશે. એકના એક દીકરાને મોટો કરવામાં આ માએ પોતાની નબળી તબિયતનો ય કદી વિચાર નથી કર્યો. એ દીકરો જ આ મિતુલ ? અત્યારેય તૃષાને મિતુલના શબ્દો સંભળાતા હતા, 'જો તૃષા, એક વાત સમજ. ડેડી ઈઝ ધ એમ્પરર ઑફ સચ અ હ્યુજ એમ્પાયર - 'રેઈનબો કલર એન્ડ ડાઈઝ.' ડેડીની મુઠ્ઠીમાં આપણું ફ્યુચર છે. એમને ખુશ રાખવામાં જ આપણી ભલાઈ છે. જ્યારે મમ્મી ? હા, મમ્મીના હાથમાં રસોડાનું સામ્રાજ્ય તો ખરું. આઈ મસ્ટ સે, શી ઈઝ ધ ક્વીન ઓફ ધ કીચન !'

થાળી પીરસતાં તૃષા વિચારી રહી, 'આવા સ્વાર્થી મિતુલને હું વળી સમજુ ક્યાં કહેવા લાગી ? મને સાચવે તેથી જ એને સમજુ ગણું તો તો હું ય સ્વાર્થી જ ને વળી ?...

'ડેડી ચાલો જમવા...' તૃષાએ નવનીતરાયને બોલાવ્યા.

'આ તો તું હતી એટલે આટલું જલદી જમવા મળ્યું. બાકી તારી મમ્મી તો એકદમ થાથી.'

'ના ડેડી, મમ્મીએ જ બધું કર્યું. મેં તો ફક્ત શાક જ સમારી આપ્યું. અને નવેસરથી રસોઈ કરી એટલે થોડી વાર તો લાગે જ ને ?' તૃષાએ હળવાશથી તીર છોડ્યું એટલે નવનીતરાય ઘવાયા તો નહીં, પણ સરોજબેન તો ડઘાઈ જ ગયાં. મનમાં વિચારવા લાગ્યાં કે આ આજકાલની છોકરીઓની હિંમત એટલે કહેવું પડે! મને તો કોઈ દિ' મોઢું ખોલીને બોલતાં જ ન આવડ્યું.

રોજ સાંજ પડે ને સરોજબેન ને તૃષા ચા ના કપ લઈને ગોઠવાય અને દુનિયાભરની વાતો કરે. કોઈ અજાણ્યું, ઓચિંતું આવી જાય તો બંનેને બહેનપણીઓ જ સમજી લે. આજે ય બે કપમાં ચા

*હૈયાદૂબળી હું ને પાછી, મોઢે મોળી ખરી, દીવો પ્રગટ્યો ત્યાં તો, ટવરક - ટવરક વાતું કરી!*
*ઘંટી, પાણી, વાસીદું ને ચૂલો ઘરવખરી, જ્યાં જ્યાં કામે લાગું ત્યાં ત્યાં મંદિર ને ઝાલરી!*

અને સાથે બિસ્કીટની પ્લેટ લઈને સરોજબેન તૃષાની રાહ જોવા લાગ્યાં.

'તૃષા, શું કરે છે ? ચા ઠંડી થાય છે.'

'આવી મમ્મી... આ તો મને થયું કે ચા-બિસ્કીટની સાથે કુછ મીઠા ભી હોય જાયે...' તૃષાએ સરોજબેનનાં મોમાં કેકનો ટૂકડો મૂકતાં કહ્યું, 'હેપી બર્થડે ટુ યુ મમ્મી...' દુનિયાની નવમી અજાયબી જોતા હોય એમ સરોજબેનનું મોં આશ્ચર્યથી પહોળું થઈ ગયું. તૃષાને પોતાની પડખે બેસાડી એને કેક ખવડાવતાં એમણે કહ્યું :

'આ શું તૃષા ? આ બર્થ ડે... ફર્થ ડે... મને મારો પોતાનો જ યાદ નથી ત્યાં તને વળી ક્યાંથી ખબર પડી ?'

'આ બાતમી મને નયનામાસી પાસેથી મળી અને એનાથીય વધુ છૂપી છૂપી બાતમી એ મળી કે, લગ્ન પહેલાં તમે સરસ મજાની સિતાર વગાડતા હતાં, રાઈટ ?'

હજુ હમણાં સુધી આનંદથી ખીલેલાં સરોજબેનનાં મુખ પર, ખુલ્લા આકાશમાં અચાનક કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવે એમ ઉદાસી ધસી આવી.

'હવે એ બધું યાદ ન કરાવે તો સારું, તૃષા. એ બધી વાતો તો મનનાં ખંડિયેરમાં ક્યાંય દટાઈ ગઈ છે.'

'ના, એ ખંડિયેરમાંથી હું સિતાર વગાડતી સરોજને બહાર ખેંચી લાવીશ. આજે, તમારા જન્મદિવસે મારા તરફથી આ ભેટ...'

તૃષાએ સુંદર મજાનાં રૂપકડાં બોક્સમાંથી સિતાર કાઢીને સરોજબેનના ખોળામાં મૂકી. આખી જિંદગી ભગવાનની માળા જપનાર ભક્ત સામે સાક્ષાત ભગવાન હાજર થાય ને એ દ્વિધા અનુભવે એવી જ હાલત સરોજબેનની હતી. ઝળઝળિયાંથી ભરેલી આંખો આડેથી ધુંધળી દેખાતી સિતારને અગાધ મમતાથી તેઓ પંપાળી રહ્યાં. ભાંગતા અવાજે તેમણે કહ્યું, 'તેં તો મારે માટે આટલું બધું કર્યું, પણ હવે હું ક્યાં નવેસરથી આ બધું...'

'બધું જ થશે મમ્મી. બાજુની સોસાયટીમાં એક સાઉથ ઈન્ડિયન આન્ટી રહે છે, એ સિતાર શીખવે છે. કાલથી બપોરે બે વાગ્યે તમારે ટ્યુશને જવાનું છે, બસ. હવે હું તમારું કંઈ સાંભળવાની નથી. ઓબ્જેક્શન ઓવર રુલ્ડ.'

બીજે દિવસે હાથમાં સિતારનું કેસ લઈ ક્લાસમાં જવા તૈયાર થયેલાં સરોજબેન, હાથમાં પાટી લઈને શાળાએ જઈ રહેલી વિદ્યાર્થીની જેવી લાગતાં હતાં.

'ચાલ તૃષા, હું જાઉં બેટા!'

'મમ્મી, વીશ યુ ઑલ ધ બેસ્ટ.'

ત્યાં જ દરવાજાની ઘંટડી વાગી. નવનીતરાય ચપટી વગાડતાં દાખલ થયાં.

'ચાલો, જલ્દી જમવાનું પીરસો...' એવામાં તૈયાર થયેલાં સરોજબેન પર નજર પડતાં વ્યંગમાં મોઢું મરડતા કહેવા લાગ્યા : 'ઓહો! તંબુરો વગાડવા જઈ રહ્યા છો ને કંઈ! સરસ, સરસ. લોકો કહેશે, લંગડી ઘોડી, લાલ લગામ. હવે મૂકો મૂકો આ ડબ્બુ. આ ઉંમરે આવા ધખારા શોભતાં નથી.'

ચંપલમાં પગ નાખતાં સરોજબેને નવનીતરાયની આંખમાં આંખ પરોવતાં એક એક શબ્દ છુટો પાડતાં કહ્યું : 'મને શું શોભે છે ને શું નહીં એ મને જ નક્કી કરવા દો તે વધુ સારું નહીં ?' દરવાજા સુધી પહોંચીને એકાએક કંઈક યાદ આવતા પાછાં ફરીને નવનીતરાયની બરાબર સામે ટટ્ટાર ઊભા રહી, જોરથી ચપટી વગાડતાં સરોજબેને કહ્યું :


'બાય ધ વે, આને તંબુરો નહીં, સિતાર કહેવાય, સમજ્યા ?' અને સડસડાટ કરતાં બારણું ખોલીને બહાર નીકળી ગયાં.

* * *

*ભવખેતરને ખેડી રાખ્યું, કૂવો કાંઠા લગી, મેં તો વાવી જાર, પાક્યાં મોતી ફાટું ભરી!*
*અણસમજીમાં જે કંઈ વાવ્યું, બાવળ કે બોરડી, પાછું વાળી જોઉં ત્યાં તો આંબા ને મંજરી!*

# ઓશો (તા. ૧૧-૧૨-૧૯૩૧ - ૧૯-૦૧-૧૯૯૦)

**- સુરેશ દલાલ**



એક પછી એક નામ ધારણ કરતા ગયા અને ખંખેરતા ગયા. મૂળ નામ ચંદ્રમોહન પછી મોહનદાસ, રજનીશજી, આચાર્ય અને છેલ્લે ભગવાન ઓશો. મધ્યપ્રદેશના એક નાનકડા ગામ કૂચવાડામાં જન્મ. એમના જીવનમાં નાનાના મરણને કારણે વળાંક આવ્યો. મરણના અનુભવને કારણે જાણે એમને જીવનનો અર્થ સમજાયો. જીવન-મરણ વિશે વિચારવા લાગ્યા. નવ વરસ પ્રાધ્યાપક તરીકે શિક્ષણક્ષેત્રે ગાળ્યાં. એ પણ છોડી દીધું. એમની કક્ષાના પ્રવચનકાર ભાગ્યેજ મળે. તત્ત્વજ્ઞાનની અનેક ધારાઓ એમનામાં હળેલી ભળેલી.

'ઓશો' શબ્દ એમને વિલિયમ જેમ્સના 'ઓશનિક' શબ્દ પરથી મળ્યો. સમુદ્ર નહીં પણ સમુદ્રપણું એ મહત્ત્વનું છે. સમુદ્ર જાણે કે સમુદ્રપણામાં ઓગળી ગયો. ઓશોનો એક બીજો અર્થ એવો પણ થાય છે કે જે વરદાન પામેલો હોય અને જેના પર આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થતી હોય. મારે મન ઓશોનો અર્થ કંઈક જુદો છે. એમાં સમુદ્રપણામાં ઓગળી જવાની વાત નથી પણ સમુદ્રપણાને અનુભવવાની વાત છે.

એમનાં પ્રવચનોમાંથી ૬૫૦થી વધુ પુસ્તકો પ્રગટ થયાં છે. હિંદી અને અંગ્રેજીમાં બોલતા. એમના અવાજનો એક કરિશ્મા હતો. અનેક એમના તરફ આકર્ષાયા. અનેક માણસોએ સંન્યાસ લીધો. અનેક ભાષાઓમાં એમનાં પુસ્તકોના અનુવાદો થયા છે. પ્રત્યેક માણસમાં કોઈ બીજ રહેલું છે અને એનામાં વૃક્ષ થવાની કે કલ્પવૃક્ષ થવાની શક્યતા છે એવી એમને શ્રદ્ધા. એમનાં વિધાનોમાં વિરોધ અને વિરોધાભાસ સતત જોવા મળે. મરણ બાદ એમની સમાધિ પર લખાયું છે :

**OSHO**
**Never born – Never died**
**Only visited this Planet Earth Between**
**11 December, 1931 - 19 January, 1990.**

## ઓશોના ઉદ્‌ગાર....

પૂર્ણપણે જીવો અને પૂરી ઉત્કટતાથી, જેથી પ્રત્યેક ક્ષણ સુવર્ણક્ષણ બને. આવી પ્રત્યેક ક્ષણ જેને સ્પર્શે તે પણ સુવર્ણ બને... તમે જન્મો છો ત્યારે વૃક્ષ થઈને જન્મતા નથી, પણ બીજ થઈને જન્મો છો. તમારે એ ક્ષણ સુધી વિકસતા રહેવાનું છે, જ્યારે તમે પુષ્પિત થાઓ. આ પુષ્પિત થવું એ તમારી સાર્થકતા. આ પુષ્પિત થવાને સત્તા સાથે, પૈસા સાથે, રાજકારણ સાથે કશો સંબંધ નથી; એનો સંબંધ તો તમારી સાથે છે. એ વૈયક્તિક પ્રગતિ છે. તમારે જ તમારો ઓચ્છવ મનાવવાનો છે... જીવતા રહેવું એનો અર્થ એવો કે હાસ્યસૂઝ હોવી જોઈએ. ઊંડાણથી પ્રેમ કરવાની શક્તિ હોવી જોઈએ, સહજલીલા હોવી જોઈએ. હું નકારવૃત્તિનો વિરોધી છું. દિવ્યતા માટે જેને માન હોય એ જિંદગીને આદર આપતો હોય. જિંદગી કરતાં વધુ દિવ્ય કશું જ નથી.. જિંદગીમાં જે સુંદર છે એને જીવનધબકાર આપો, કદરૂપી ચીજોને નહીં... તમારી પાસે સમય ઓછો છે. શક્તિ વેડફવા માટે નથી. ગમગીનીમાં, ગુસ્સામાં ધિક્કારમાં અને અદેખાઈમાં શક્તિઓ વેડફવી એ નરી મૂર્ખતા છે. આ શક્તિનો પ્રેમ માટે, સર્જનાત્મકતા માટે, ધ્યાન માટે ઊંચો યોગ કરો. કશું તમારા હાથ બહાર નથી. આ બધું તમારા હાથમાં

**(અનુસંધાન પાના નં. ૧૮ ઉપર)**

*પોથી, પુસ્તક, શાસ્ત્ર પુરાણે, સાવ જ કાચી ઠરી, ઢાઈ અક્ષર ધાગો કાઢું તેની તકલી ભરી!*
*આંગણ વાવું કદંબિયો ને ઘટમાં યમુના ભરી, પંડ અમારું વાંસલડી ને ફૂંક વાગશે ફરી!*
*– પુષ્પા વ્યાસ*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મુલુન્ડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૮-૧-૨૦૧૭ના રાતના ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર - નલીયાવાળા અને માતુશ્રી કાંતાબેન વેરશી લોડાયા પરિવાર હા. તૃષા, રીતા હીતેશ લોડાયાના લગ્ન નિમિત્તે રાખવામાં આવેલ છે.

આવતા માસની ભાવના તા. ૫-૨-૨૦૧૭ ના છે જેનો લાભ જવેરચંદ હરશી લોડાયા પરિવાર રાપરવાળાએ લીધો છે.

### મોટી સિંધોડીનું સ્નેહમિલન

મોટી સિંધોડીવાસીઓનું સ્નેહમિલન રવિવાર તા. ૧૫-૧-૨૦૧૭ના સવારના ૯થી બપોરના ૪ વાગ્યા સુધી મુલુંડ પશ્ચિમમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કૂલ પાસે, પુરુષોત્તમ ખેરાજ ઈસ્ટેટમાંના આયરીશ બેંક્વેટ હૉલ ખાતે યોજાશે.

સ્નેહમિલનના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ તપસ્વી વંદના, સરસ્વતી વંદના ઉપરાંત જિનાલય જિણોધ્ધાર અને ધ્વજાના ચડાવા યોજાશે.

### રાજગૃહીના પહાડ પરની જૈન મૂર્તિના ચાર ટુકડા કરીને ખાડામાં ફેંકી દેવાયા

હજી ગયા વર્ષે ૨૭ નવેમ્બરની રાત્રે જૈનોના ૨૪મા તીર્થંકર મહાવીરસ્વામીની હયાતીમાં તેમના ભાઈ રાજા નંદિવર્ધને ભરાવેલી પ્રાચીન પ્રતિમાની થયેલી ચોરીનો આઘાત ઓસર્યો નથી ત્યાં જૈન સમાજના લોકોને ઘેરો શોક લાગે એવો બનાવ ક્ષત્રિયકુંડથી નજીક એવા રાજગૃહી તીર્થમાં બન્યો હતો. બિહારના પટના પાસે આવેલા રાજગૃહીના પાંચમા પહાડ પરના દેરાસરમાંથી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિને તોડીને એના ટુકડા ખાડામાં ફેંકી દેવામાં આવ્યા હતા.

રાજગૃહી જૈનોનાં અતિ પવિત્ર તીર્થધામોમાંનું એક છે. એ જૈન ધર્મના વીસમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામીની કલ્યાણક ભૂમિ છે. ઉપરાંત ભગવાન મહાવીરસ્વામીને આ ભૂમિમાં ૧૪ ચાતુર્માસ કર્યા હતા. રાજગૃહી અનેક નાના-મોટા પહાડો અને જંગલોની કુદરતી સંપત્તિ વચ્ચે વસેલું ગામ છે. અહીંના પાંચ પહાડો જૈનો માટે શ્રદ્ધેય ભૂમિ છે.

બે તીર્થંકરો ઉપરાંત જૈન ઈતિહાસની જાણીતી હસ્તીઓ શ્રેણિક મહારાજા, અભયકુમાર, નંદિષેણ, પુણિયા પ્રભાવક મેતાર્ય, મમ્મણ શેઠ, ધન્ના-શાલિભદ્ર, અર્જુનમાલીની આ જન્મભૂમિ છે.

અનેક પર્વતમાળાઓમાંથી કુલ પાંચ પહાડો વિપુલાચલ પર્વત, રત્નાગિરિ પર્વત, ઉદ્ધવગિરિ પર્વત, સ્વર્ણગિરિ પર્વત અને વૈભવગિરિ પર્વત પર અનેક વર્ષો પહેલાંથી પ્રતિમાઓ, ભગવાનનાં પગલાં તેમ જ જિનાલયો હતાં; પણ સુરક્ષાના અભાવે એ જગ્યાએથી પ્રતિમાઓ ચોરાઈ ગઈ હતી અને જીર્ણશીર્ણ થઈ ગઈ હતી. એ તીર્થભૂમિ જીવંત રહે એ માટે બાર વર્ષ પહેલાં પૂ. આચાર્ય વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજે જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એમાં પાંચમા નંબરના એટલે કે વૈભારગિરિ પર્વત પર કુલ પાંચ જિનમંદિરો બનાવ્યાં હતાં. આ પાંચ મંદિરોમાંથી પહેલા મંદિરના મૂળનાયક પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિને તોડી દેવાઈ છે અને એના ટુકડા દેરાસરની બાજુના ખાડામાં ફેંકી દેવાયા હતા.

જૈન આગેવાનોએ ફરિયાદ કરતા પોલીસે સક્રિયતા દાખવી કેટલાક આરોપીઓને પકડ્યા છે, બાકીના પકડાઈ જશે એવી ધારણા છે. પણ ચિંતા એ વાતની છે કે બિહારમાં જૈનો અને તેમના તીર્થો ક્યાં સુધી ગુનાના ટાર્ગેટ બન્યા કરશે.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિમલેશ રજનીકાંત માલદે** (PS 5188) | બી/૩૦૩, સનસાઈન એપાર્ટમેન્ટ, ૧૨/૩, પટેલ કોલોની, રવિ પાર્કની પાછળ, જામનગર - ૩૬૧ ૦૦૮. |
| **શ્રીમતી રતનબેન રાયચંદ માલદે** | C/o. રાજબાઈ પદમશી દંડ, ૧૯, ટી. એસ. કોટેજ, ૩જે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૭૦૪૫૦ ૩૩૮૩૬ |
| **શ્રીમતી સરોજ નિતીન લોડાયા** (PS 1907) | સમ્રાટ બિલ્ડીંગ, ૩જે માળે, વી. પી. રોડ, એસ.એમ.પી.આર. સ્કુલની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **રજનીકાંત રતનશી નાગડા** (PS 372) મો.: ૯૯૩૦૮૫૮૩૩૨ | ૪૦૪, વજ ભવન, નવરોજી લેન, પરમ કેશવ બાગ પાસે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. કાશ્મીરા : ૯૩૨૧૯ ૧૯૧૩૪, ચિરાગ : ૮૬૫૨૬ ૮૧૬૮૬ |
| **કેતન વસનજી છેડા** (PS 7295) મો: ૭૪૯૮૧૭૧૦૩૨ | બી-૧૪, નીલકંઠ વિલા કો.હા.સો., ૩જે માળે, નાંદિવલી રોડ, રાજન મરાઠે ઓફીસ પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૧૭-૧૦-૧૬ | હુબલી/મુલુંડ | અબીર, જીનલ ભાવિન કિરણ પટેલ / ધરમશી | જખૌ | પુત્ર |
| ૦૬-૧૨-૧૬ | ખંડવા | ગાર્વિક, તેજલ કરણ નાગડા | લાલા | પુત્ર |
| | | **અંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૧૨-૧૨-૧૬ | ઈન્દોર | કલ્પેશ કાંતિલાલ ખીમજી નાગડા | તેરા | ૩૩ |
| | ઈન્દોર | પિન્કી ફતેસીંહ ચૌહાણ | | ૩૩ |
| | | **લગ્ન** | | |
| ૦૪-૧૨-૧૬ | રાયપુર | ધવલ પ્રભા મહેન્દ્ર લોડાયા | તેરા | - |
| | વેરાવળ | રૂહી નીલમ મનોજભાઈ | વેરાવલ | - |
| ૦૫-૧૨-૧૬ | ઘાટકોપર | કુશલ સુરેશ પદમશી ધુલ્લા | સુથરી | - |
| | મુલુંડ | મનાલી કિશોર સોમચંદ ખોના | સુથરી | - |
| ૦૮-૧૨-૧૬ | ડોમ્બીવલી | જીગર ભરત ત્રિકમજી મૈશેરી | જખૌ | ૨૮ |
| | ડોમ્બીવલી | સ્નેહા કીરીટ વેલજી કાયાણી | જખૌ | ૨૩ |
| | | **અંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૨૭-૧૧-૧૬ | મલાડ | રાજીવ અનીલ રાજવૈદ્ય | ઈન્દોર | ૨૭ |
| | ડોમ્બીવલી | મીનાક્ષી વીરેન્દ્ર શીવજી મોમાયા | વારાપધર | ૨૭ |
| | | **મરણ** | | |
| ૧૫-૧૨-૧૬ | ઘાટકોપર | દિલીપભાઈ જયચંદ મોતા | સુથરી | ૬૫ |
| ૨૧-૧૨-૧૬ | ઘાટકોપર | ખમાવંતી ત્રિકમજી પતરામલ લોડાયા | નલીયા | ૮૮ |
| ૨૨-૧૨-૧૬ | બાયઠ | ધનજી આશરીયા પોલડીયા | બાયઠ | ૭૩ |
| ૨૩-૧૨-૧૬ | ભાંડુપ | શ્રીકાંતભાઈ ચીમનલાલ ધરમશી | સુથરી | ૭૩ |
| ૨૩-૧૨-૧૬ | ભાંડુપ | તિલક જેઠાભાઈ મૈશેરી | સાંધવ | ૭૬ |
| ૨૪-૧૨-૧૬ | બેંગ્લોર | જયવંતી રતિલાલ હેમરાજ લોડાયા | કોઠારા | ૭૨ |
| ૨૪-૧૨-૧૬ | અમદાવાદ | ડૉ. સોમચંદ કાનજી મોમાયા | વરાડીયા | ૮૯ |

## ઓશો.... (અનુસંધાન પાના નં. ૧૬ થી ચાલુ)

જ છે. તમે કોઈ ઢાંચામાં બંધાઈ ન જાઓ. સતત બદલાતા રહો, ત્યારે જ જિંદગી આનંદનો પર્યાય થશે. મશીનને ઢાંચો હોય છે, માણસને નહીં; જે ક્ષણે તમે બદલાશો નહીં, તે ક્ષણથી તમે શબ થઈ ગયા... ધાર્મિકતા એટલે કશાકમાં માનવું એ નહીં, પણ કશુંક જીવવું એ, કશુંક અનુભવવું એ તમારા મનની માન્યતા નહીં, પણ તમારા અસ્તિત્વની સુગંધ... આખી દુનિયાને જાણવી એ જાતને જાણવાની સરખામણીમાં સાવ તુચ્છ છે... દરેક માણસ અનન્ય અને અદ્વિતીય છે.... હ્રદયને સંબંધ અસ્તિત્વ સાથે છે. બુદ્ધિને સંબંધ સમાજ સાથે છે... સત્યનો મોટામાં મોટો દુશ્મન કહેવાતો જ્ઞાની પુરુષ છે અને એનો મોટામાં મોટો મિત્ર એ માણસ છે કે જે કશું જ જાણતો નથી.... પરિપક્વ માણસ કોને કહેવાય - એની હાજરી હોય, પણ એ હાજર ન હોય. એ બાળક જેવો હોય.

પરિપક્વતાની એક સુગંધ હોય છે, એ વ્યક્તિને અનુપમ સૌંદર્ય આપે છે. કહો કે એ પ્રેમનું પુષ્પ જ છે.... મધ્યમ કક્ષાના માણસો પાગલ નથી થઈ શકતા....

* * *

# અનેક સન્માન મેળવનાર પિતા મેહુલ દીપક હીરાચંદ મેપાણી (૪૩) અને પુત્રી ઈરા (૧૪)ની પાવર લીફ્ટીંગ જોડી

ગામ પરજાઉના ચેંબુરમાં સ્થાયી થયેલા હીરાચંદ મેપાણીના કુટુંબનું વાતાવરણ દરેક સભ્ય માટે સર્વાંગીણ વિકાસ પ્રેરક રહ્યું તેના હકારાત્મક પરિણામ પેઢી દર પેઢી નોંધપાત્ર ઊંચાઈ સર કરતા રહ્યા છે.

હીરચંદ મેપાણી પ્રગતિશીલ સમાજસેવક તરીકે જ્ઞાતિને ઘણા નવા વિચાર આપવાનો પ્રયત્ન કર્યો. તેઓ પ્રકાશ સમીક્ષા સમિતિના સક્રિય અગ્રણી સભ્ય હતા. તેમના સહધર્માચારિણી ધનબાઈ પણ મહિલા પ્રવૃત્તિમાં સક્રિય હતા.




દીપક હીરાચંદ મેપાણી એટલે સમાજવાદી ચળવળમાં જાણીતું અને માનીતું નામ. તેઓ પણ પ્રકાશ સમીક્ષા સમિતિના સભ્ય હતા. ભારતમાં સુલભ શોચાલયની પ્રવૃત્તિ શરૂ કરવામાં તેમનો મહત્વનો ફાળો. જોકે કચ્છ તેમને ધરતી કંપમાં જમીનદોસ્ત થઈ ગયેલી ભચાઉની વાગડ વેલફેર હોસ્પિટલને સમગ્ર પૂર્વ કચ્છ માટે અતિઆધુનિક તબીબી સેવા પૂરી પાડનાર હોસ્પિટલ રૂપે પુનઃનિર્માણ માટે ટાઈલ્સ ઓફ ઇંડિયા રીલીફ ફંડમાંથી સારી એવી રકમ મેળવી આવનાર તરીકે સાદર યાદ કરતું રહેશે.



તેમના સહધર્માચારિણી વૃંદાબેને દીપકભાઈની અનેકવિધ પ્રવૃત્તિમાં સહયોગ આપવા ઉપરાંત જ્ઞાતિ અને ચેંબુરની મહિલા પ્રવૃત્તિમાં સદાય સક્રિયતા દાખવી છે.

ડૉ. હર્ષ દીપક મેપાણી આંખોના સ્પેશિયાલીસ્ટ છે અને કચ્છના લોકોની સેવાને સમર્પિત છે.

હાલમાં સમાચારમાં જોકે મેહુલ દીપક મેપાણી અને તેમની પુત્રી ઈરાનું નામ પાવર લીફ્ટર તરીકે ઝળકે છે.

મેહુલભાઈના સહધર્મચારિણી જ્યાની પણ ફાયફર્સ્ટ નામે શિશુઓ માટેના એપ્રલ વગેરે બનાવતી કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર છે.

હવે મેહુલભાઈ અને ઈરાએ કંઈક નોખું કંઈક અનોખું કરવાની કૌટુંબિક પ્રથા કેવી રીતે આગળ વધારી છે તેની વાત.

ઈરાએ શાળાએ અને કોલેજો વચ્ચેની પાવરલીફ્ટીંગ સ્પર્ધામાં સતત ભાગ લઈ દર વખતે ગોલ્ડ મેડલ્સ મેળવ્યા છે. તાજેતરમાં ઈરા સબ જુનિયર વય જુથની ૮૪થી વધુ વજનવાળા જુથમાં મુંબઈ પરા વિસ્તાર અને મહારાષ્ટ્રના સંબંધિત ક્ષેત્રની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી હવે રાજ્ય સ્તરે સ્પર્ધામાં ઉતરવાની છે.

ઈરાએ મુંબઈ સબર્બન ઓપન કોમ્પીટીશન ફોર જુનિયર એજ ની ૮૪થી વધુ વજન જુથમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

ઈરા અને મેહુલ મેપાણી બન્નેએ તાજેતરમાં ભુસાવલમાં યોજાયેલ રાજ્ય સ્તરીય ઓપન સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતપોતાના જુથમાં ૪થું સ્થાન પ્રાપ્ત કર્યું. નોંધપાત્ર વાત એ છે કે બન્નેને પોતાનાથી બળીયાઓ સાથે બાથ ભીડવાની આવી પણ હીંમત રાખીને તેમણે નોંધપાત્ર પરિણામ મેળવ્યાજ.

ઈરા અને મેહુલ મેપાણી ટૂંકમાં જ જમશેદપુરમાં યોજાનાર સુબ્રતા દત્તા ઇનરનેશનલ પાવરલીફ્ટીંગ કોમ્પીટીશનમાં રશિયા અને જાપાન તેમજ બીજા એશિયાઈ દેશોના બળીયાઓ સાથે બાથ ભીડશે. પ્રકાશ સમીક્ષા જ્ઞાતિવતી એ બન્નેને ચીયર્સઅપ કરે છે, વધાવે છે ને વિજયી શુભકામના આપે છે.


**રોકડની તંગીના જમાનામાં આકર્ષક ઓફર !**

**આયરીસ બેંક્વેટ** એ.સી. હૉલ

**Iris** Banquette

૨૦૦ થી ૨૫૦ જણવાળા પૂર્ણ પ્રસંગનું ધી બેસ્ટ આયોજન

માત્ર એકથી સવા લાખમાં !!!

સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390


જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758

સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

Mob.: 7666688881 / 7666622229

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (26-12-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# સુંગધીદાર, રંગબેરંગી ફૂલોનું વિશ્વ : ક્યોકનહૉફ - ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર









નાજુક કુમળાં ફૂલો જેમનો આપણે પૂજા, શણગાર કે પ્રસાધન માટે સારો ઉપયોગ કરીએ છીએ, એમના અદ્ભુતશક્તિ અને સામર્થ્યને નિહાળવા હોય તો એ હોલેન્ડમાં આવેલા ક્યોકનહૉફમાં જોવા મળે છે.

સ્પ્રિંગ ગાર્ડન તરીકે ઓળખાતો ક્યોકનહૉફમાં ૩૨ હેક્ટરમાં પથરાયેલો બાગ છે જેમાં વર્ષમાં માત્ર બે મહિના મુલાકાતીઓને પ્રવેશ મળે છે અને આટલા નાના ગાળામાં આઠ લાખ લોકો આ ઉપવનની મુલાકાત લે છે.

ક્યોકનહૉફ ખાસ કરીને એના ટ્યુલિપનાં ફૂલો માટે જગતમાં મશહૂર છે, દરેકદરેક રંગનાં ટ્યુલિપનાં ફૂલો અહીં જોવા મળે છે અને અહીં ટ્યુલિપની ૮૦૦ જાતો મહોરે છે. અહીં ટ્યુલિપ ઉપરાંત ડેફોડિલ્સ અને હયઅસિન્થ ફૂલો પણ ઉગાડવામાં આવે છે. એક જ જગ્યાએ લાખો પુષ્પો એક સાથે જોવા મળે એવી કદાચ આ દુનિયાની એક માત્ર જગ્યા છે. આ નજારો રચવા દર વર્ષે સાત લાખ બલ્બ (કાંદાના આકારના મૂળ) રોપવામાં આવે છે જે વસંતમાં પૂર્ણ રૂપે ખીલે છે અને આપણી આંખો સમક્ષ અદ્ભુત દશ્ય ઊભું કરે છે.

અનુસંધાન ૧૦મા પાને









**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કંું. હળદર - જનરલ વ્યાપારી**

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

**કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,